**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
(ગુજરાત સરકારનું સાહસ)
"જલસેવા ભવન", છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
ફેક્ષ : (૦૭૯) ૨૩૨૫૧૦૮૬
ફોન નં. : ૯૧-૦૭૯-૨૩૨૫૧૦૪૯, ૨૩૨૨૨૪૧૭
E-mail : msgwssb@gmail.com
Website : www.gwssb.gujarat.gov.in

**તુષાર એમ. ધોળકિયા,** આઈ.એ.એસ.
સભ્ય સચિવ

**પરિપત્ર ક્ર.એબી/સીમે૩-૪/GPS/અછત/ફા.નં-૫/૫૬** **તા.૧૭.૦૬.૧૯**

**વિષય: ટેન્કરના ફેરા સબંધિત ઓફલાઇન ફંડ માંગણી અન્વયે અગત્યની સુચનાઓ**
**વંચાણે લીધુ: મુખ્ય ઇજનેરશ્રી(મોની.પ્લા.) પત્ર ક્ર.મોનીસેલ/વોટર ટેન્કર ભાવ/૮૭ તા.૦૭.૦૨.૧૯**

**પ્રસ્તાવના**

મુખ્ય ઇજનેરશ્રી, મોનીટરીંગ અને પ્લાનીંગ શાખાના વંચાણે લીધેલ પત્ર દ્વારા પીવાના પાણીની તંગી નિવારવા ચલાવવામાં આવતા ટેન્કરોની એજન્સી નક્કી કરવા માટે નિયત કાર્યપધ્ધતિ મુજબ ટેન્ડર બહાર પાડવા જણાવેલ છે. આ પત્રની સુચના મુજબ આ ટેન્કરોમાં GPS SYSTEM ફરજીયાતપણે લગાવવાની રહે છે. GPS System વગરના કોઇ ટેન્ડરનું ચુકવણું કરવાપાત્ર થશે નહિ. આ બાબત ધ્યાને લેતાં સબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા સદરહુ વિગતો પ્રમાણિત કરવી આવશ્યક જણાયેલ હોઇ, તે માટે નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે.

**પરિપત્ર**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની ક્ષેત્રીય કચેરીઓ દ્વારા પીવાના પાણીના ટેન્કરોના ખર્ચ માટેની ઓફલાઇન ફંડ માંગણી કરતી વખતે આવી ફંડ માંગણી સાથે સબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીનું નીચે મુજબનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે.

**કચેરીનું નામ:-** **ઝોન:**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અત્રેના ફંડ માંગણી પત્ર નં........... તા........... થી કરવામાં આવેલ અછત ફંડ માંગણી રૂ.............. માં સમાવિષ્ટ ટેન્કર ફેરાના ખર્ચ અંગેની ફંડ માંગણી અન્વયે નીચેની વિગતોની ખાતરી કરવામાં આવેલ છે.

(૧) આ કામગીરીમાં GPS System લગાવેલ ટેન્કર જ ઉપયોગમાં લેવામાં આવે છે.
(૨) જૂના કરાર મુજબના કોઇ ટેન્કર (GPS System વગરના) હાલ ચાલુમાં નથી.
(૩) ટેન્કર ફેરાના બીલ સામે GPS Report ની Print Out મેળવવામાં આવેલ છે. આ GPS Report માં ઉપલબ્ધ ટેન્કરના ફેરા, કિલોમીટર વિગેરે બાબતની ચકાસણી કરી તે યોગ્ય જણાયેથી આ માંગણી કરવામાં આવેલ છે.

**સ્થળ:**
**તારીખ:** **કાર્યપાલક ઇજનેર**

ઉપરોકત પ્રમાણપત્ર સામેલ ન હોય તેવી આ બાબતને લગતી ફંડ માંગણી ઝોન કક્ષાએથી જ સબંધિત કચેરીને પરત કરવાની રહેશે.

ઉક્ત સૂચનાઓ તાત્કાલીક અસરથી અમલમાં આવશે.

(તુષાર ધોળકિયા, IAS)
સભ્ય સચિવ

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) માન.સભ્ય સચિવશ્રીના અંગત મદદનિશ તરફ જાણ સારુ

<u>નકલ રવાના પ્રતિ:</u>

(૧) મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૧-૨-૩-૪-૫ વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ/જુનાગઢ

(૨) મુખ્ય ઇજનેરશ્રી મોની.પ્લા/મીકેનીકલ તરફ જાણ સારુ

(૩) કાર્યપાલક/નાયબ કાર્યપાલક/અધિક્ષક ઇજનેરશ્રી તમામ તરફ જાણ સારુ

(૪) સીનીયર મેનેજરશ્રી ઝોન-૧-૨ વડોદરા/અમદાવાદ તરફ જાણ સારુ

(૫) નાયબ મેનેજરશ્રી ઝોન-૧-૩-૪-૫ વડોદરા/ રાજકોટ/ભુજ/જુનાગઢ

(૬) સીસ્ટમ મેનેજરશ્રી, બોર્ડની વેબસાઇટ પર મૂકવા સારૂ.